ક્રમાંક:- COS/UNS/e-file/276/2023/0220/SECONDARY

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેકટર-૧૯, ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી બોટાદ
તારીખ. ૨૧/૧૨/૨૦૨૩
ઈન્વર્ડ નબર ૬૯૭૭
શાખાનુ નામ. માધ્યમિક -૨

662

21/12/23

વંચાણે લીધા:-

1. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક, તા.05/07/2011
2. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.13/10/2015
3. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક, તા.20/07/2017
4. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.07/04/2016
5. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.27/07/2020
6. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.24/09/2022
7. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક, તા.29/10/2022

પરિપત્ર:-

- રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવથી ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં રહેમરાહે નિમણૂંકને બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની યોજના અમલમાં આવેલ છે અને ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વખતો વખત ઠરાવો/પરિપત્રો કરી સુધારા પણ બહાર પાડેલ છે.રાજ્યની બિન સરકારી અનુદાનિત શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના અવસાના કિસ્સામાં તેમના આશ્રિત કુટુંબને રહેમરાહે ઉચ્ચક નાણાંકીસ સહાયના મંજુર કરવા અંગેના કેસો અત્રેની કચેરીની તાબા હેઠળની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ દ્વારા રજુ કરવામાં આવે છે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા ઈ-ગવર્નન્સના ભાગરૂપે સરકારશ્રીની તમામ કામગીરી ઈ-સરકારના પોર્ટલ મારફત કરવા નિર્દેશ કરેલ છે. જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા પણ તમામ કાર્યવાહી ઈ-સરકારના પોર્ટલના માધ્યમથી કરવામાં આવે છે.
- અત્રેની કચેરીની તાબા હેઠળની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ ખાતેના તમામ અધિકારી/કર્મચારીઓને ઈ-સરકાર અંગે તાલીમ આપવામાં આવેલ છે તથા ઈ-સરકાર અંતર્ગત તેઓના લોગ ઈન આઈ.ડી. અને પાસવર્ડ પણ આપવામાં આવેલ છે. પરંતુ તેઓ દ્વારા ઉચ્ચક નાણાંકીય સહાય અને ચાર્જ એલાઉન્સની તમામ દરખાસ્ત ઓફલાઈન પોસ્ટ મારફત અત્રે રજુ કરવામાં આવે છે. જે ઉચિત નથી. જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામને ઉચ્ચક નાણાંકીય સહાય અને ચાર્જ એલાઉન્સની તમામ દરખાસ્ત ઈ-સરકારના માધ્યમથી ઓનલાઈન મોકલી આપવા નીચે મુજબની સૂચના આપવામાં આવે છે.
- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજા બજાવતા વર્ગ-૦૩ અને વર્ગ-૦૪ ના કર્મચારીઓના ચાલુ ફરજ દરમ્યાન અવસાનના કિસ્સામાં ઈ-સરકાર મારફત જ ઓનલાઈન દરખાસ્ત મોકલવાની રહેશે. ઓફલાઈન કોઈપણ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ.
- બિનસરકારી અનુદાનિત શાળઓમાં ફરજા બજાવતા વર્ગ-૦૩ અને વર્ગ-૦૪ ના કર્મચારીઓની ચાર્જ એલાઉન્સની તમામ દરખાસ્ત ઈ- સરકાર મારફત જ ઓનલાઈન મોકલવાની રહેશે. ઓફલાઈન કોઈપણ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ.
- દરખાસ્ત પી.ડી.એફ. માં 25 MB ની મર્યાદામાં સ્કેન કરી રજુ કરવાની રહેશે.
- ઉચ્ચક નાણાંકીયા સહાયની દરખાસ્ત રજુ કરતી વખતે સ્વ. કર્મચારીના આશ્રિત અરજદારને મંજુર કરવામાં આવનાર ઉચ્ચક નાણાંકીય સહાયની રકમ કયા બજેટ હેડ હેઠળ ઉધારવાનો રહેશે તે અચૂક દર્શાવવાનો રહેશે.

Signature Not Verified
Signed by:Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2023.12.19 12:53:47

File No: COS/UNS/e-file/276/2023/0220/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- દરખાસ્ત સુવાચ્ય અને સ્પષ્ટ રજુ થાય તે અંગે તકેદારી રાખવાની રહેશે.
- અત્રે રજુ થયેલ જે દરખાસ્તમાં અત્રેથી વાંધા-પૂર્તતા આપવામાં આવેલ હોય તેવી તમામ દરખાસ્ત આ પરિપત્ર મળ્યાના દિન-૦૫ માં અત્રેથી રૂબરૂ હાજર રહી મેળવી લેવાની રહેશે તથા તે દરખાસ્ત પણ ઈ-સરકાર મારફત જ ઓનલાઈન મોકલવાની રહેશે. આ પ્રકારની દરખાસ્ત અત્રેથી મેળવી લેવામાં નહિ આવે તો તે અંગે થનાર વિલંબની જવાબદારી આપની કચેરીની રહેશે.
- જો આ સૂચનાનું પાલન કરવામાં નહિ આવે તો આ અંગે સંબંધિતોની જવાબદારી નક્કી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આમ, ઉક્ત દર્શાવ્યા મુજબની વિગતે ઉચ્ચક નાણાંકીય સહાય અને ચાર્જ એલાઉન્સની દરખાસ્ત અંગેની સૂચનાઓ મુજબ કાર્યવાહી થાય તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ એ સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

નોંધમાં મળેલ માનનીય નિયામકશ્રીના આદેશાનુસાર.

નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ
- માનનીય નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી
- સિલેક્ટ ફાઈલે

જા.નં/માધ્યમિક/૨૦23/3૨૯૯-3330
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
મુ:બોટાદ, તા.જિ:બોટાદ
તા: ૨૭/૧૨/૨૦23

નકલ રવાના જાણ તેમજ ઉક્ત પરિપત્ર મુજબ અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બોટાદ

પ્રતિ,
આચાર્યશ્રી, બિનસરકારી અનુદાનિત મા. & ઉ.મા શાળાઓ તમામ
જિ:બોટાદ

Signature Not Verified
Signed by: Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2023.12.19 12:53:47

File No: COS/UNS/e-file/276/2023/0220/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign